# પ્રવાસન અને સમાજ

સંપાદન

પ્રો. એચ. એલ. ચાવડા

ડૉ. સ્ટેન્લી એ. લગ્રાત



Department of Sociology
MAHARAJA KRISHNAKUMARSINHJI BHAVNAGAR UNIVERSITY

# પ્રવાસન અને સમાજ

**સંપાદકો**

**પ્રો. એચ.એલ.ચાવડા**
પ્રોફેસર અને વડા, સમાજશાસ્ત્ર વિભાગ
મહારાજા કૃષ્ણકુમારસિંહજી ભાવનગર યુનિવર્સિટી

**ડૉ. સ્ટેનલી.એ. ભનાત**
એસોસિયેટ પ્રોફેસર, સમાજશાસ્ત્ર વિભાગ
મહારાજા કૃષ્ણકુમારસિંહજી ભાવનગર યુનિવર્સિટી

red'shine
Publication
INDIA

**PRAVASAN ANE SAMAJ**
*by: Prof. H.L.Chavda, Dr. Stenly. A. Bhanat*

■

**RED'SHINE PUBLICATION PVT. LTD.**
Headquarters (India): 88-90 REDMAC, Navamuvada,
Lunawada, India-389 230
Contact: +91 76988 26988
Registration no. GJ31D0000034

*In Association with,*
**RED'MAC INTERNATIONAL PRESS & MEDIA. INC**
India | Sweden | UK

■

Text © *Prof. H.L. Chavda*
Cover page ©RED'SHINE Studios, Inc, 2022

■

All rights reserved. No part of this publication may be reproduced or used in any form or by any means- photographic, electronic or mechanical, including photocopying, recording, taping, or information storage and retrieval systems- without the prior written permission of the author.

■

**ISBN:** 978-93-93239-71-6
**ISBN-10:** 93-93239-71-1
**DIP:** 18.10.9393239711
**DOI:** 10.25215/9393239711
Price: ₹ 500
June, 2022 (First Edition)

■

The views expressed by the authors in their articles, reviews etc. in this book are their own. The Editor, Publisher and owner are not responsible for them. All disputes concerning the publication shall be settled in the court at Lunawada.

■

www.redshine.co.in | info@redshine.in
Printed in India | Title ID: 9393239711

| અનુક્રમ નં. | પ્રકરણ નામ અને લેખક(ઓ) | પૃષ્ઠ નં. |
|---|---|---|
| 27 | પ્રવાસ પર્યટન સ્થળ તરીકે ઐતિહાસિક અને હેરિટેજ ગ્રંથાલયોનો પરિચય<br>**જલકબેન ભટ્ટ** | 170 |
| 28 | પ્રવાસન અને સંચાલન<br>**પ્રા. જમનાબેન એન. પટેલ** | 173 |
| 29 | ગુજરાતના ઐતિહાસિક પ્રવાસન સ્થળો<br>**Dr. Jayshri S. Patel** | 178 |
| 30 | ગુજરાતમાં ઉભરતું પ્રવાસન ક્ષેત્ર<br>**ડો. જીગ્નાશા ભટ્ટ** | 183 |
| 31 | ભારતમાં પ્રવાસન ક્ષેત્રનો વિકાસ, પડકારો અને તકો<br>**કુ. કોકિલા જે. ડાભી** | 187 |
| 32 | ગુજરાતમાં પર્યટન સ્થળોની વૈવિધ્યતા<br>**પ્રો. કોમલ આઈ. સોલંકી** | 194 |
| 33 | પ્રવાસ પર્યટન ના સ્થળ તરીકે ઇકો ટુરિઝમ ના અભયારણ્યો નો એક સમાજશાસ્ત્રીય અભ્યાસ.<br>**લીઝા અમીનભાઈ ચૌહાણ** | 200 |
| 34 | મેડીકલ ટુરીઝ્મ અને ઇકો ટુરીઝ્મ<br>**ડો. માધવજીવી. સોંદરવા** | 204 |
| 35 | પ્રવાસન સંચાલન સાથે સંકળાયેલ સેવા તંત્ર<br>**Dr. Malti D. Patel** | 212 |

# 29

# ગુજરાતના ઐતિહાસિક પ્રવાસન સ્થળો

**Dr. Jayshri S. Patel**[30]

**પ્રાસ્તાવિક:**

અતિથિ દેવો ભવ:ની સંસ્કૃતિ ધરાવતો 'ભરતખંડ' વિશ્વમાં અજોડ છે. અહીં મહેમાન કે અતિથિને દેવ તરીકે માનીને તેનું સ્વાગત કરવામાં આવે છે. ભારતની યાત્રાએ આવનારા ભારતીય સંસ્કૃતિથી પ્રભાવિત થયા વિના ન જ રહે તે સહેજે માની શકાય એવું સત્ય છે. ગુજરાત ભારત દેશનું ઔદ્યોગીકૃત રાજ્ય છે. ભારતના પશ્ચિમ છેડે આવેલું ગુજરાત પશ્ચિમે અરબી સમુદ્ર, ઉત્તરમાં સિંધઅને ઉત્તરપૂર્વ રાજસ્થાન, પૂર્વે મધ્યપ્રદેશ અને દક્ષિણે મહારાષ્ટ્ર રાજ્ય તથા દમણ, દીવ અને દાદરા નગર હવેલીના કેંદ્રશાસિત પ્રદેશોથી ઘેરાયેલું છે. ગુજરાતની ભૂમિ પર્યાવરણની દ્રષ્ટિએ વિશિષ્ટ છે. મેદાની પ્રદેશો, પ્રર્વતો, રણપ્રદેશ, જંગલો અને દરિયો આ પાંચ કુદરતી દેન ભારતના કોઇ રાજ્યને મળી નથી.

**પ્રવાસનનો અર્થ:**

સામાન્ય રીતે પ્રશ્ન એ ઉપસ્થિત થાય કે પ્રવાસન એટલે શું? "સામાન્ય જીવનશૈલી માંથી ઉદ્ભભતો કંટાળો દૂર કરવા માટે પોતાના રહેવાના અથવા તો કામ કરવાના સ્થળેથી ચોવીસ કલાકથી ઓછા નહી અને એક વર્ષથી વધારે નહી, તેટલા સમય માટે દૂર દૂર જઇને સ્વગૃહે પાછા ફરવાના સ્પષ્ટ આશયવાળા એકથી વધારે વ્યક્તિઓના સમૂહ દ્વારા આરામપૂર્વક કરવામાં આવતા આવાગમનને પ્રવાસન કહેવામાં આવે છે."

પ્રવાસન શબ્દનો અંગ્રેજી પર્યાય 'ટૂરિઝમ' છે. "'Tourism' નો મૂળ ઉદ્ભભવ 'ટૂર' (Tour) સાથે સંકળાયેલો છે. આ બંને શબ્દો લેટિન ભાષાના 'ટોર્નોસ' (Tornos) શબ્દ કે જેનો અર્થ વર્તુળ એવો થાય છે. તેના પરથી ઉતરી આવ્યા છે. અહીં વ્યક્તિ જે સ્થળેથી બહાર નીકળે છે તેજ સ્થળે પરત આવે છે તેમ માની તેને વર્તુળાકાર પ્રક્રિયા તરીકે ઓળખવામાં આવે છે"

'નવભારતસાર્થ ગુજરાતી શબ્દકોશ'મુજબ પ્રવાસન એટલે "પ્રવાસવૃત્તિ, પ્રવાસવ્યવસ્થા" એવો અર્થ પ્રાપ્ત થાય છે. અને પ્રવાસ - એટલે –"મુસાફરી ; સફર; યાત્રા"એવો અર્થ મળે છે.

'અદ્યતન શબ્દાર્થ કોશ' માં પણ " પ્રવાસ – યાત્રા, મુસાફરી"એવા પર્યાય મળે છે.
'ત્રિભાષા કોશ'મુજબ –" પ્રવાસ- એટલે પ્રવાસ, સફર, યાત્રા" એવા અર્થો પ્રાપ્ત થાય છે.
'ભગવદ્ગોમંડલ'મુજબ (૧)'પ્રવસન'પ્રવાસે જવું' (૨) વિદેશમાં જવું કે રહેવું તે; પરદેશ જવું તે' (૩) સારી રીતે વસવું તે" એવા અર્થો મળે છે.

સંસ્કૃત ભાષામાં પ્રવાસનના સંદર્ભમાં ત્રણ શબ્દોનો ઉપયોગ કરવામાં આવે છે.
(અ) પર્યટન – કે જે આનંદ અને જ્ઞાન પ્રાપ્તિ હેતુસર બહાર જવાની ક્રિયા બતાવે છે.
(બ) દેશાટન – કે જે ખાસ કરીને આર્થિક હિત ખાતર બહાર જવાની ક્રિયા બતાવે છે.
(ક) તીર્થાટન – કે જે ખાસ કરીને એક ધાર્મિક સ્થળેથી બીજા ધાર્મિક સ્થળે જવાની ક્રિયા બતાવે છે.

**પ્રવાસનની વ્યાખ્યા :-**

પ્રવાસન એ એવી આયોજિત પ્રક્રિયા છે કે જ્યાં પ્રવાસીઓ કોઇ પણ પરિવહનના માધ્યમનો ઉપયોગ કરીને એક સ્થળેથી બીજા સ્થળે ખાસ કરીને આનંદ,પ્રમોદ અને સુખચેન મેળવવાના હેતુથી જાય છે.

યુનાઇટેડ નેશન્સ વલ્ડ ટૂરિઝમ ઓર્ગેનાઇઝેશન (UNWTO)ના મત મુજબ, "પ્રવાસન એ સામાજિક, સાંસ્કૃતિક અને આર્થિક ઘટના કે પ્રવૃત્તિ છે કે જે અન્વયે એક દેશકે સ્થળના લોકો (પ્રવાસીઓ) તેમના સામાન્ય પર્યાવરણની બહારના સ્થળે અંગત કે ધંધા કે વ્યાવસાયિક હેતુથી જાય છે."

ટૂંકમાં, પ્રવાસનના વિવિધ અર્થો અને વ્યાખ્યાઓ ઉપરથી એટલું કહી શકાય કે પ્રવાસન એટલે આયોજન બદ્ધ રીતે એક સ્થળેથી બીજા સ્થળે જવાની આનંદ કે સુખ મેળવવાના હેતુથી થતી પ્રક્રિયા છે.

આનંદ-પ્રમોદ, ધંધાકીય, અભ્યાસ, રમતગમત, આરોગ્ય સુધાર, કૌટુંબિક મુલાકાતો, સામાજિક પ્રસંગો, ધાર્મિક કાર્યો, પર્યાવરણીય આનંદ-પ્રમોદ વગેરે હેતુઓ પ્રવાસન સાથે સંકળાયેલા છે.

**ગુજરાતના ઐતિહાસિક પ્રવાસન સ્થળો :-**

ગુજરાતના ઐતિહાસિક તેમજ સાંસ્કૃતિક વારસાથી ગુજરાત સમગ્ર વિશ્વમાં પ્રખ્યાત છે. દેશ વિદેશથી પધારેલા પ્રવાસીઓ ગુજરાતના ઐતિહાસિક તેમજ સાંસ્કૃતિક વારસાને મનભરીને માંણે છે.ગુજરાતમાં અનેક ઐતિહાસિક પ્રવાસન સ્થળો છે જેવા કે લોથલ, વડનગર, ધોળાવીરા, ચાંપાનેર, પાવાગઢ, રાણકીવાવ,

અડાલજનીવાવ, વગેરે જેવા અનેક સ્થળો ઐતિહાસિક પ્રવાસન સ્થળો તરીકે પર્યટકોને આકર્ષતા રહયા છે.

**લોથલ –**

લોથલને ગુજરાતના એક પુરાતત્વીય સ્થળ તરીકે ઓળખવામાં આવે છે. ગુજરાતના લોથલખાતે મળી આવેલા અવશેષો જે સિંધુ સભ્યતાની ઓળખ કરાવે છે. ઇ.સ. પૂર્વે ૧૮૦૦-૨૦૦૦ ના સમયગાળા દરમિયાન સિંધુ સંસ્કૃતિની સભ્યતા લોથલમાં જોવા મળે છે. અત્રે સિંધુખીણનાં અન્ય સ્થાપત્યો ઉપરાંત શ્રેષ્ઠ નગર રચના જોવા મળી છે. દુનિયાની સૌંથી જૂની સંસ્કૃતિ લોથલની છે. આવું પુરાતત્વીય મહત્વ ધરાવતું સ્થળ લોથલ આખી દુનિયાના પ્રવાસીઓ માટે આકર્ષણનું સ્થાન બન્યું છે.

**વડનગર –**

વડનગરના અર્જુનબારી દર્વાજામાં આવેલા શિલાલેખમાં વડનગરની ભવ્યતાનું સરસ વર્ણન છે. વડનગરના સ્થાપત્યો અને ઐતિહાસિક સ્થાનકો માટે વડનગર વિશ્વભરમાં જાણીતું છે. વડનગરના સ્થાપત્યો જેવાકે 'તોરણ' પ્રખ્યાત છે. તોરણ સ્થાપત્યનું નિર્માણ અંદાજીત ૧૨મી સદીમાં થયુ હતું. સોલંકી યુગના શાસન દરમિયાન ગુજરાતના પ્રવેશ દ્વાર તરીકે પણ જાણીતું હતું.

**ધોળાવીરા–**

ભારતની પૌરાણિક સાત અજાયબીમાંની એક અજાયબી એટલે ધોળાવીરા. ધોળાવીરા ગુજરાતના કચ્છ જિલ્લામાં આવેલું છે. ગુજરાતનું પ્રાચીનતમ સમૃદ્ધ નગર એટલે ધોળાવીરા. સિંધુ સભ્યતાનું પ્રમુખ શહેર તરીકે જાણીતું છે. ત્યાંના સ્થાપત્ય અને રચના અજોડ છે.

**ચાંપાનેર(પાવાગઢ) –**

પંચમહાલ જિલ્લામાં આવેલું ચાંપાનેર ઐતિહાસિક નગર છે. તેના ઇતિહાસનું પગેરું સોલંકીયુગથી પણ આગળ ચાવડા વંશના-વનરાજ ચાવડા સુધી પહોચેં છે. પિતા જયશિખરી યુદ્ધમાં માર્યા ગયા અને સગર્ભા રાણી-માતાએ વનમાં દીકરાને જન્મ આપ્યો, તેથી તે કહેવાયો વનરાજ. પોતાનું રાજ્ય પાછું મેળવવામાં મદદરૂપ થનારા ચાંપા વાણિયાની યાદમાં તેણે ચાંપાનેર વસાવ્યું. રાજધાની અણહિલપુર પાટણથી એકાવન હાથીની સવારી સાથે આવેલા વનરાજ ચાવડાએ આ નગરનું શિલારોપણ કર્યું હતું. એક જમાનામાં સમૃદ્ધ નગર હતું- જાહોજલાલી અને ખુશહાલીથી ધબકતું હતુ. પણ આજે તો કિલ્લો, મસ્જિદ, મંદિર જેવાં સ્મારકો અવશેષો સિવાય બીજું કશું જ નથી. મહેમૂદે બંધાવેલી જુમ્મા મસ્જિદ ઇંડોસાર્સેનિક કૌશલ્યોનો અલભ્ય નમૂનો ગણાય છે. પાવાગઢ પર્વતની સૌંથી ઊંચી મોલિયા ટૂંકથી આરંભાતું આ શહેર માંચી હવેલીના મેદાનથી છેક તળેટી સુધી વિસ્તરેલું હતું. પતાઇ

રાવળનો સાત માળનો આલીશાન મહેલ આજે તો સમયની થપાટ ખાઇ ખાઇને ખંડેર બની ગયો છે. કાલીમંદિરથી; પૂર્વે ઢાળ ઊતરતા આ ખંડેરો જોવા મળે છે. આજે પણ અજાયબ લાગે એવી એક ઇમારત છે. અધ્ધર ઝરૂખો...! શિખરની ધાર પર બંધાયેલી આ ઇમારત જાણે ખીણ પર લટકતી હોય એવી લાગણી હોવાથી અધ્ધર ઝરૂખા તરીકે ઓળખાય છે. અહીં કાલીમંદિર પણ છે. સૂરસમ્રાટ બૈજુ બાવરો ચાંપાનેરની માટીની પેદાશ હતો.

**કિર્તિમંદિર –**

પોરબંદરમાં આવેલું કિર્તિ મંદિર આપણા રાષ્ટ્રપિતા મહાત્મા ગાંધીજીનું જન્મસ્થાન છે. તેમજ ભગવાન શ્રીકૃષ્ણના પરમ મિત્ર સુદામાંનું જન્મ સ્થાન તરીકે આ શહેરનું ધાર્મિક મહત્વ વિશ્વમાં જાણીતું છે.

**અડાલજની વાવ –**

ગાંધીનગરથી નજીક અને ગાંધીનગરથી અમદાવાદ આવતાં માર્ગમાં જ આવતા અડાલજ ગામની ઐતિહાસિક વાવનું સ્થાપત્ય, એના કોતરણીવાળા સ્તંભો-ગોખલા વગેરેનાં મનોરમ્ય શિલ્પ આ વાવને કલાના ઉત્કૃષ્ટ નમૂના તરીકે પુરવાર કરે છે. વાવ અને પરબડીઓ ગુજરાતના લોકસ્થાપત્યની વિશિષ્ટતાઓ છે. તેમાં લોકઉપયોગીતા સાથે કલાત્મકતાનો અદભૂત મેળ સાધવામાં આવ્યો છે.

**સમાપન –**

વિશ્વભરમાં પ્રવાસન ક્ષેત્ર રોજગારી સર્જન, વિદેશી હૂંડીયામણની આવક અને આર્થિક વિકાસની દ્રષ્ટિએ મહત્વનું યોગદાન આપે છે. એક અનોખી સંસ્કૃતિ, કુદરતી સૌંદર્ય, સાંસ્કૃતિકવારસો, જીવંતબજાર, પ્રણાલિકાગત મહેમાનગતિ વગેરેને કારણે ભારત પ્રવાસનની દ્રષ્ટિએ સમૃદ્ધ છે. કેવળ જરૂર છે, તેને આકર્ષક રીતે વિશ્વ સમક્ષ મૂકવાની કોઇ પણ દેશનું પ્રવાસન ક્ષેત્ર માળખાગત સુવિધા, રહેવાની સગવડ, વાહન વ્યવહાર અને આગતા-સ્વાગતા જેવી સુવિધાઓમાં સ્પર્ધાત્મકતાને આધારે સમૃદ્ધ બને અને આ એવા ક્ષેત્રો છે, જ્યાં કેંદ્રથી માંડીને રાજય સરકારો અને ઉદ્યોગ-સાહસિકો તથા સમગ્ર રીતે જોતા સમાજ- જેવા હિસ્સેદારોની ભૂમિકા મહત્વની બને છે.

**સંદર્ભસૂચિ–**


(૧) 'યોજના'– પ્રો. ડી. એમ . રોહિત, મે ૨૦૧૫, પૃષ્ઠ -૪૧

(૨) 'ભગવદ ગ્રોમંડલ'- ભાગ છઠ્ઠો, કર્તા- ભગવત સિંહજી, પ્રવીણ પ્રકાશન રાજકોટ, પૃષ્ઠ ૫૯૭૦

(૩) 'નવભારત સાર્થ ગુજરાતી શબ્દકોશ'- ડો. મફતલાલ અં ભાવસાર, નવભારત સાહિત્ય મંદિર, પ્રથમ આવૃતિ ૨૦૦૭, પૃષ્ઠ ૫૪૪

(૪) 'અદ્યતન શબ્દાર્થ કોશ'- મનોજદરૂ, અક્ષરા પ્રકાશન, પ્રથમ આવૃતિ- ઓકટોબર ૨૦૧૫ પૃષ્ઠ ૩૩૯

(૫) 'ત્રિભાષા કોશ'-ડો. બચુભાઇ ડા. આચાર્ય અને અન્ય, અક્ષરા પ્રકાશન, પ્રથમ આવૃતિ- ઓકટોબર ૧૯૯૪, પૃષ્ઠ ૩૧૬

(૬) 'વાણિજ્ય સંચાલન, - પ્રિ. ટી. જે. રાણા, બી. એસ. શાહ પ્રકાશન, અમદાવાદ, પૃષ્ઠ ૩ થી ૩૨

(૭) ' ભારતનો સાંસ્કૃતિક ઇતિહાસ, - રજની વ્યાસ, અક્ષરા પ્રકાશન, પ્રથમ આવૃતિ ૨૦૧૬, પૃષ્ઠ ૭૪૪ થી ૭૫૫.

आज़ादी का अमृत महोत्सव

# Department of Sociology

**Maharaja Krishnakumarsinhji Bhavnagar University, Bhavnagar**

organized

**National Seminar**

on

## Indian Tourism: Issues, Challenges and Impacts

Sponsored by

**Indian Council of Social Science Research**

## Certificate

This is to certify that Shri./Smt. Dr. Jayshreiben S. patel

Of Assistant professor Govt. Arts & Commerce College, Khergam

Has participated in the National Seminar on Indian Tourism Issues, Challenges and Impacts Sponsored by Indian Council of Social Science Research, New Delhi held on 27th February 2022.

He/She has Presented the Paper ગુજરાતમાં સાંસ્કૃતિક પ્રવાસન ક્ષેત્રો

Dr. H.L.Chavda
Seminar Coordinator
Head, Dept. Of Sociology
M.K. Bhavnagar University
Bhavnagar

Dr. Kaushik Bhatt
Registrar
M.K. Bhavnagar University
Bhavnagar